જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૮/૦૯/૨૦૧૭ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયા :- સમાચાર યાદી નં.૧૯૫૮/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૩૬ કેસ કરી, ૩૬ વ્યક્તિઓને ઝડપી, ૧૯૫ લીટર દેશી દારૂ, ૧૨૦ બોટલ ઇંગ્લીશ દારૂ, ૦૧ મોટર સાયકલ અને ૦૧ ઓટોરીક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી, ૦૧ વ્યક્તિને ઝડપી, રોકડ રૂપિયા ૧,૧૫૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૯૫૯/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૬૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ત્યજી દિધેલ નવજાત શીશુનું બેદરકારીથી મૃત્યુ:- સમાચાર યાદી નં.૧૯૬૦/૧૭**

**એલીસબ્રીજ** : શાંતાબેન વા/ઓ મનુભાઇ મકવાણા (રહે,દુધવાળી ચાલી, વકીલના છાપરા, બહેરામપુરા, દાણીલીમડા) એ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૦૯/૧૭ નાં કલાક ૧૨/૩૦ થી ૧૨/૪૫ વાગ્યા દરમ્યાન એલીસબ્રીજ પ્રીતમનગર ઢાળ, અવધેશ હાઉસ ગ્રાઉંડ ફ્લોર ઉપર આવેલ ડૉ.મનોજ જોશી નાઓની ઓર્થોપેડીક હોસ્પીટલમાં એક અજાણી બહેન પોતાને કમરમાં દુખાવો થતો હોય અને પેશાબ કરવા જવાનુ બહાનુ બતાવી હોસ્પિટલના VVIP રૂમ નં-૨ ના બાથરૂમમાં પોતે જાતે બાળકને જન્મ આપી, આ તાજુ જન્મેલુ બાળક બાથરૂમમા જ ત્યજી દઇ અને જન્મ બાદ પોતે આ બાળકને સાળ-સંભાળ નહી કરે તો બાળક્નું મૃત્યુ થશે તેમજાણતા હોવા છતા, નવજાત શીશુને ત્યજી દઇ, પોતે તથા તેની સાથે હોસ્પિટલમાં આવેલ એક બહેન તથા અન્ય ત્રણ પુરૂષો બાળકના જન્મ બાદ રીક્ષા તથા મોટર સાયકલ ઉપર નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એન.ખોખરા ચલાવે છે.

**વિશ્વાસઘાત/ઠગાઇ :-** **સમાચાર યાદી નં.૧૯૬૧/૧૭**

**અમરાઇવાડી** : શ્રીમતી લિના અનિલકુમાર (ઓફીસ:-કામદાર ભવિષ્યનિધિ અને પરચુરણ જોગવાઇઓ કાયદો ૧૯૫૨ ની કલમ ૧૩ મુજબ કેન્દ્રસરકાર દ્વારા નિયુક્ત થયેલ એમફોર્સમેંટ ઓફિસર ગુજરાત રાજ્યના પ્રાદેશીક કાર્યાલય, સત્યમટાવર્સ મણીનગર રેલ્વે સ્ટેશન સામે મણીનગર) એ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સને ૨૦૧૭ ના મે-જુલાઇ-ઓગષ્ટ મહીનાના સમયગાળા દરમ્યાન આરોપી મનોજકુમાર કૈલાષનાથ તિવારી (રહે, ભગવતી એસ્ટેટ, ડીમ્પલ સ્ટેશનરી ની સામે, અમરાઇવાડી) એ પોતાની સીક્યુરીટી કંપનીમાં નોકરી કરતા આશરે ૧૫૦ જેટલા કર્મચારીઓના પગારમાંથી પીએફ. નાં નાણા રૂપિયા ૩,૮૭,૩૯૩/- કાપી, તે નાણા પી.એફ. ઓફિસે જમા નહી કરાવી કર્મચારીઓ સાથે વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.બી.રાણા ચલાવે છે.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૧૯૬૨/૧૭**

**માધવપુરા** : નઈમખાન અનવરખાન પઠાણ(ઉ.વ.૪૦)(રહે,રામલાલના ખાડાની બાજુમાં, અંકલેશ્ર્વરીયા સોસાયટી સામે, શાહપુરદરવાજા બહાર, માધવપુરા) એ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૦૯/૧૭ નાં કલાક ૧/૩૦ થી ૬/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના ધાબાના ખુલ્લા દરવાજેથી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, ઘરમાંથી (૧) ચાંદીની ઝાંઝર કિંમત રૂપિયા ૧,૫૦૦/- (૨) રોકડા રૂપીયા ૯૨,૦૦૦/- (૩) જુદી-જુદી કંપનીના મોબાઇલ ફોન નંગ-૫ કિંમત રૂપિયા ૧૩,૫૦૦/- મળી કુલ રૂપિયા ૧,૦૭,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી અજીતસિંહ નારસિંહ ચલાવે છે.

**ઓઢવ** : અરવિંદભાઇ રવજીભાઇ હિરપરા (રહે,જય જગન્નાથ સોસાયટી, સ્વામીનારાયણ મંદિરની આગળ વિરાટનગર રોડ ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૦૯/૨૦૧૭ ના કલાક ૧/૩૦ વાગ્યાનાં સુમારે પોતાના ઘરમાં કોઇ અજાણી વ્યક્તિએ પ્રવેશ કરી, સોનાના દાગીના અને પાકિટમાં પડેલ કુલ રોકડ રૂપિયા ૩૫,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.ડી.ભટ્ટ ચલાવે છે.

**વટવા** : ડૉ. હર્ષ સ/ઓ મદનલાલ હરાણી (ઉ.વ.૨૮)(રહે,જલધારા સોસાયટી પારસનગર વટવા) એ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૦૯/૧૭ રાતના ૧૧/૦૦ થી તા.૨૭/૦૯/૧૭ ના કલાક ૫/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનુ તાળુ તોડી, કોઇ અજાણી વ્યક્તિ મકાનમા પ્રવેશ કરી, સોનાની બુટ્ટી, ચાંદીના સિક્કા, મોબાઇલ ફોન તથા રોકડા રૂપીયા ૩,૯૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪,૨૪,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.જે.સરવૈયા ચલાવે છે.

**નજર ચુકવી ચોરી :-** **સમાચાર યાદી નં.૧૯૬૩/૧૭**

**બાપુનગર** : ગીરીશભાઇ સ/ઓ છગનભાઇ ઢોલરીયા(પટેલ)(ઉ.વ.૪૨)(રહે,સુરોહી બંગ્લોઝ મનોહરવિલા ચાર રસ્તા પાસે નિકોલ-નરોડા રોડ) એ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૦૯/૧૭ સાંજનાં ૫/30 વાગ્યાનાં સુમારે બાપુનગર ડી-માર્ટ ની સામે કૈલાસ બંગ્લોઝ ની પાસે રોડ ઉપર એક અજાણ્યા મોટરસાઇકલ ચાલક (૨૫ થી ૩૫ વર્ષના આશરાનો) ગીરીશભાઇની કાર સાથે તેમની મોટર સાઇકલનો અકસ્માત થયેલ છે તેમ કહી, ગીરીશભાઇને વાતોમાં રાખી, તેના મળતીયા બે અજાણ્યા ઇસમો બીજી એક મોટરસાઇકલ ઉપર આવી, ગીરીશભાઇની નજર ચુકવી તેમની કારમાં ખાખી કલરની સ્કુલ બેગમાં મુકેલ રોકડ રૂપિયા ૧૦,૦૦,000/- ચોરી કરી લઈ, તમામ પલાયન થઇ ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એ.પટેલ ચલાવે છે.

**વાહન ચોરી :-** **સમાચાર યાદી નં.૧૯૬૪/૧૭**

**ઘાટલોડીયા** : શાલીનભાઇ નીરંજનભાઇ ઝીંઝુવાડીયા (ઉ.વ.૩૬)(રહે,શ્રીકુંજ સ્વી પ્રભાતચોક કે.કે.નગર ઘાટલોડીયા) એ તા.૨૭/૯/૧૭ નારોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૦૯/૧૭ રાતના ૧૧/30 વાગ્યા નાં સુમારે પોતાના ઘર નજીક પોતાનીહુન્ડાઇ કંપનીની વરના ગાડી નંબર જીજે.૦૧.એચ.એમ.૫૪૦૧ કિંમત રૂપિયા ૧,૫૦,000/- પાર્ક કરી મુકી હતી જેની ચોરી તા.૨૪/૦૯/૧૭ બપોરના ૨/૦૦ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.ડી.વાઘેલા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.